# <u>જાહેરનામું</u>

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/ ૦૩ /૨૦૧૮
## તા. ૦૯ /૦૧/૨૦૧૮

હું, એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે મને મળેલ સત્તાની રૂએ આગામી ઉત્તરાયણનાં તહેવાર અનુલક્ષી નીચે મુજબનો હુકમ જારી કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાંદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણનાં તહેવારને અનુલક્ષી તા.૧૦/૦૧/૨૦૧૮ થી ૩૧/૦૧/૨૦૧૮ દરમ્યાન કોઇપણ વ્યક્તિ અગર ઇસમોએ જાહેરમાર્ગ કે મકાનનાં ભયજનક ધાબા ઉપર કે જેના કારણે તેની અસર બીજી કોઇ વ્યક્તિની જીંદગી ભયમાં મુકાય અથવા મિલકતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાડવી નહી, પતંગ લુંટવો કે પતંગ ઉપર કોઇપણ જાતના ઉશ્કેરણી જનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહી કે રાખવા નહી. તેમજ લાઉડ સ્પીકર અવાજ કરે કે ઘોંઘાટ ત્રાસ થાય તે રીતે વગાડવા નહી કે આવા અવાજો ઉપર ચેનચાળા કરવા નહી.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૧૩-૩૭ (૧) (છ) ભંગ કરી ૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આથી હું આદેશ આપુ છુ કે, ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ જાહેરનામાની નકલો ચોટાંડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિદ્ધિ તથા જાહેરાત કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/પોલીસ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૯/૦૧/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૦૯/૦૧/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા